મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૮.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૫ ટકા
ગાંધીનગર તાપમાન

લીંબુ બાદ ટામેટાની ખટાશ દાઢે ચોંટી

ટામેટાના ભાવ રૂ. ૧૦૦ ને પાર, નારિયેળ ૬૦ રૂપિયાનું એક, સફરજન ૨૦૦ થી ૩૦૦ રૂ. પ્રતિ કિલો, મોસંબી ૧૨૦ થી ૧૫૦ રૂ. પ્રતિ કિલો

ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં જેમ જેમ ગરમી વધી તેમ તેમ પારો વધી રહ્યો છે, તેમ તેમ મોંઘવારીનો પારો પણ વધી રહ્યો છે. થોડા સમય પહેલા લીંબુના ભાવની અંદર ખૂબ મોટો ઉછાળો થયો હતો. જેની આવક વધવાથી હાલમાં લીંબુના ભાવમાં ઘટાડો નોંધાયો છે. ત્યારે અન્ય શાકભાજીના ભાવમાં વધારો થઈ રહ્યો છે. જેમાં ટામેટાના ભાવે સદી ફટકારી છે. ટામેટાના ભાવ માર્કેટમાં ૧૦૦ રૂપિયાએ પહોંચી ગયા છે. ટામેટાના પુરવઠાની અછતને પગલે ભાવમાં વધારો થયો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. મોંઘવારી ગરીબ અને મધ્યમ વર્ગને પડછાયાની જેમ સાથે ને સાથે રહે છે. લીંબુના ભાવમાં માંડ રાહત મળી છે ત્યાં હવે ટામેટાની કિંમત સતત ઊંચે જતા મધ્યમ વર્ગનું બજેટ ખોરવાયું છે. છેલ્લા બે અઠવાડિયામાં ટામેટાની કિંમતમાં બે ગણો વધારો નોંધાયો છે. ગાંધીનગરમાં ટામેટાની કિંમત ૩૦ રૂપિયા પ્રતિ કિલો હતી જે હાલમાં ત્રણ ગણી વધી ગઈ છે. મે મહિનામાં ટામેટાની કિંમતમાં સતત વધારો થવા લાગ્યો છે. ગયા મહિનાના અંતે ટામેટાનો ભાવ ૩૦ થી ૪૦ રૂપિયા હતો. ટામેટાની કિંમતમાં થયેલા વધારા માટે ઘણા બધા પરિબળો જવાબદાર છે.

યુ.પી. અને હરિયાણા જેવા ટામેટાના મોટા ઉત્પાદક રાજ્યોમાં આ વખતે કાળઝાળ ગરમીથી પાકને નુકસાન થયુ છે. મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં પ્રી મોન્સુનમાં વધારે વરસાદ પડવાથી ટામેટાના પાકને ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો હતો. ટામેટાની જે થોડી ઘણી આવક થઈ રહી છે તેમાંનો મોટો હિસ્સો વધારે ભાવ મળી રહેતા હોવાથી દક્ષિણ ભારતમાં મોકલવામાં આવી રહ્યો છે. આ વખતે ગરમી વધુ પડતાં ટામેટાના ઉત્પાદન પર વિશેષ અસર પડી છે. ટામેટાની કિંમતમાં હાલ પુરતી રાહત મળે તેવી સંભાવના નહિવત છે. જુલાઈના પ્રથમ સપ્તાહથી ટામેટાની કિંમતમાં ઘટાડો થવાનું શરૂ થઈ શકે છે. એ વખતે મહારાષ્ટ્રમાં પાકની ફરી લણણી શરૂ થઈ જાય છે. આ ઉપરાંત યુપી અને હરિયાણામાં પણ સ્થિતિમાં સુધારો થઈ શકે છે. ટામેટાની સાથે સાથે ફલાવરની કિંમતમાં પણ વધારો થયો છે. ૫૦ થી ૬૦ રૂપિયામાં ૪૦૦ ગ્રામ ફલાવર ગ્રાહકને મળી રહ્યું છે. ફલાવરની કિંમત અગાઉ ૩૫ રૂપિયા હતી. ચોમાસાના આગમન બાદ શાકભાજીના ભાવમાં ઘટાડો નોંધાય તેમ મનાઈ રહ્યું છે.

ફળોના ભાવમાં ઉછાળો

માત્ર શાકભાજી નહી પરંતુ માર્કેટમાં ફળોના ભાવમાં પણ ઉછાળો થયો છે. નારિયેળની કિંમતમાં ધરખમ ઉછાળો થયો છે. એક નારિયેળની કિંમત ૬૦ રૂપિયા જે ૧૦૦ના ૩ નારિયેળ મળતા હતા તે નારિયેળ હવે ૬૦ માં ૧ જ મળી રહ્યું છે. ઉનાળામાં તેની માંગ વધતા ભાવમાં ઉછાળો થયો છે. આ સાથે જ મોસંબી ૧૨૦ થી ૧૫૦ રૂપિયા કિલો અને સફરજ ૨૦૦ થી ૩૦૦ રૂપિયા કિલોમાં વેચાય છે.

જન્મદિને વધામણી

શ્રેયાંશ પંકજકુમાર આગજા

સૌવ્યા રવિકિરણ પરમાર

નવ્યા સિરિન પટેલ
મો. ૯૮૯૮૭ ૨૩૪૨૫



કાવ્યા સંજયકુમાર રાયકા

કાન્તિલાલ ડી રાજ



ડો. તેજલ દલાલ

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના નવા હોદ્દદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના નવા વર્ષના સને ૨૦૨૨ થી ૨૦૨૪ સુધીના હોદ્દેદારોની સંસ્થાના સંગઠનને વધુ વેગ મળે તેવા આશયથી પુનઃ વરણી કરવામાં આવી હતી. જેમાં કેશરીસિહ બિહોલા (પ્રમુખ), ઉપપ્રમુખ તરીકે કાનજીભાઈ દેસાઈ, પ્રદીપસિંહ બિહોલા, હરેશભાઈ પટેલ, જયેશભાઈ આગજા, મહેન્દ્રસિંહ ચાવડા, ચંદ્રકાન્ત સોની થતા મહામંત્રી તરીકે રાજેન્દ્રભાઈ પારેખ, ગોવિંદભાઈ આહીર, જે વી પટેલ(ખજાનચી), વિનોદ ભટ્ટ(સહ ખજાનચી), રશ્મીકાન્ત પંડ્યા અને પી.બી. શ્રીમાળી (માનદમંત્રી), મંત્રી તરીકે ઈશ્વરભાઈ પજાપતિ, પ્રમોદભાઈ દવે, વિઠ્ઠલભાઈ પરમાર, તુલસીભાઈ માળી, અશ્વિનભાઈ રાઠોડ, ધીરુભાઈ ચારણ અને વિનોદભાઈ ભટ્ટ, ભોજાભાઈ ભરવાડ, દિનેશભાઈ બ્રહમભટ્ટ સહમંત્રી તરીકે, જે.કે. પરમાર, વાસુદેવભાઈ સુથાર, નરેશભાઈ પરમાર, મહંમદભાઈ ઠેબા, કનુસિંહ રાઠોડ, બાલુજી ઠાકોર સંગઠનમંત્રી તરીકે, કિરણભાઈ વ્યાસ(લીગલ એડવાઈઝર), અંજના રાઠોડ (મહિલા પ્રતિનિધિ) અને સલાહકાર સમિતિમાં મનુભાઈ મહેતા, લાલુભા વાઘેલા, મુળજીભાઈ પરમાર (દધી), ગંભીરસિહ વાઘેલા, પ્રવિણભાઈ દરજી, ભવાનભાઈ પટેલ, ઘનશ્યામસિંહ ગોલ, ભાનુભાઈ મકવાણા, કિત્તિભાઈ જોષી, બી. ટી. વાઘેલાની વરણી કરવામાં આવી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ચૌધરી સુમિત્રાબેન ભીખાભાઈ,** ઉ.વ. ૬૧, દોલારાણા વાસણા
- **સ્વ. સાધુ પુષ્પાબેન લક્ષ્મણભાઈ,** ઉ.વ. ૭૯, પેથાપુર
- **સ્વ. પટેલ રાકેશકુમાર દશરથભાઈ,** ઉ.વ. ૨૨, ઉનાવા
- **સ્વ. પંડયા ગૌરીશંકર વિઠ્ઠલભાઈ,** ઉ.વ. ૭૪, સેકટર-૭

સેક્ટર-૬ બગીચા ખાતે યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૮

સેક્ટર-૬ ખાતે ભારતીય યોગ સંસ્થાન ગુજરાત પ્રાંત દ્વારા પેટના રોગ નિવારણ શિબિરનું વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત પ્રાંત પ્રમુખ દેવરાજભાઈ પટેલ, ઉપ પ્રાંત પ્રમુખ બાલ કિશનભાઇ, ક્ષેત્ર પ્રમુખ ઉષાબેન પટેલ, ક્ષેત્ર મંત્રી ચંદ્રકાંતભાઈ રાણા, કેન્દ્ર પ્રમુખ વિણાબેન અસનાની, શિક્ષક સુનંદાબેન પાર્ટી, અશ્વિનભાઈ જોશી તથા અન્ય ભાઈ બહેનો આ શિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા. અહીંયા ૩૬૫ દિવસ વિનામૂલ્યે સવારે ૬ થી ૭ રેગ્યુલર કેન્દ્ર ચાલે છે અને સાંજે ૪ - ૩૦ થી ૫ - ૩૦ મહિલા કેન્દ્ર ચાલે છે.

રાષ્ટ્રીય કક્ષાની વાડોકાઈ કરાટે સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડીઓનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા.૨૮

તાજેતરમાં ઓડિશા રાજ્યના ભુવનેશ્વર ખાતે ૨૪મી ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પીયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યની ટીમમાં ગાંધીનગરના ખેલાડીઓની પણ પસંદગી થઈ હતી.

કાતા અને કુમીતે એમ બે ઈવેન્ટ માં આ સ્પર્ધા યોજાઈ હતી. બે દિવસ ચાલેલી આ સ્પર્ધામાં ઓડીશા ઉપરાંત ગુજરાત, દીવ અને દમણ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, તેલંગાના, તમિલનાડુ, વેસ્ટ બંગાળ, આંધ્રપ્રદેશ, આસામ અને અરુણાચલ પ્રદેશના ચુનંદા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

જેમાં ગાંધીનગરના અર્થ સોની, કુ. કાવ્યા વૈષ્ણવ તથા કુ. ઈશ્વા રાવલ ત્રણેય ખેલાડીઓએ ફાઇટમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. કાતા ઈવેન્ટમાં એક સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરવામાં ગાંધીનગરના ખેલાડીઓ સફળ રહ્યા હતા. આ ખેલાડીઓને ગાંધીનગર સ્થિત વાડોકાઈ કરાટેના નિષ્ણાત કોચ સેનસાઈ દર્શનભાઈ સુથાર દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું. ગાંધીનગરના નિયામક તથા ફેડરેશનના ટેકનીકલ ડાયરેક્ટર રેન્શી ગૌરાંગભાઈ રાણા તથા ફેડરેશનના ચીફ ટેકનીકલ ડાયરેક્ટર શિહાન અરવિંદભાઈ રાણાએ વિજેતા ખેલાડીઓને તથા તેને પ્રશિક્ષણ આપનાર કોચને આ ઝળહળતી સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

લાયન્સ કલબ ઓફ ગાંધીનગરના ૪૪માં યુવા પ્રમુખ તરીકે મૌલિક ચૌધરીની વરણી

ગાંધીનગર, તા.૨૮

લાયન્સ કલબ ઓફ ગાંધીનગરના નવા વર્ષના સુકાની તરીકે શહેરના ખૂબ જ ઉત્સાહી તેવા યુવા મૌલિક ચૌધરીની વરણી કરવામાં આવી છે.

પહેલી જુલાઈથી આરંભાઈ રહેલા કલબના નવા વર્ષના પ્રમુખ તરીકે મૌલિક જીતેન્દ્રકુમાર ચૌધરી, સેક્રેટરી તરીકે અજય પટેલ અને ખજાનચી તરીકે જય સુથારની વરણી કરવામાં આવી છે. લાયન્સ કલબ ઈન્ટરનેશનલ એ વિશ્વની સર્વશ્રેષ્ઠ સેવા સંસ્થાના એવોર્ડથી સન્માનિત થઈ છે અને તેના દુનિયાભરના નેટવર્કના માધ્યમથી દર બે સેકન્ડે એક સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી રહી છે. નવા વરાયેલા પ્રમુખ મૌલિક ચૌધરી દ્વારા ગાંધીનગરને અનેક સેવાઓની ભેટ ધરવાનો નિર્ધાર વ્યકત કરવામાં આવ્યો હતો. લાયન્સ કલબ ગાંધીનગરના સભ્ય બનવા માટે ૯૯૭૪૦૭૩૯૦૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.

સુવિચારોનું સેનિટાઈઝર પુસ્તક માટે સંજય થોરાત ઈન્ડિયા અને એશિયા બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ સર્ટિફિકેટ દ્વારા સન્માનિત

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ગત રવિવારે માઈક્રોફિક્શન

બાઈટ્સ પુસ્તક વિમોચન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નેક્સસ પબ્લિકેશનના ડાયરેક્ટર કૌશલ જોશી ઉપસ્થિત રહ્યા હતા. નેક્સસ પબ્લિકેશન દ્વારા ફેબ્રુઆરી મહિનામાં એકસાથે વિવિધ ભાષાના ૫૭ પુસ્તકોનું એકસાથે વિમોચન કરવામાં આવ્યું હતું જેમાં ૫૯ લેખકોના પુસ્તકો હતાં જે એક વિક્રમ હતો.

ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતનું પુસ્તક 'સુવિચારોનું સેનિટાઈઝર' પણ આ ૫૭ પુસ્તકોમાં સ્થાન પામ્યું હતું અને ૨૨.૦૨.૨૦૨૨ ના રોજ વિમોચન થયું હતું. આ પુસ્તક ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ અને એશિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામ્યું હતું. ગાંધીનગર ખાતે આયોજિત પુસ્તક વિમોચન કાર્યક્રમમાં કૌશલ જોશી અને કવિ કિશોર જિકાદરાના હસ્તે સંજય થોરાતનું ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ અને એશિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ સર્ટિફિકેટ આપી જાહેરમાં સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત હર્ષલ માંકડ, પ્રશાંત કેદાર જાદવ, મયુર હેમંત ચૌહાણ, કલ્પેશ પટેલ, જિજ્ઞેશ અધ્યારૂ, રમણભાઈ વાઘેલા વગેરેએ સંજય થોરાતને શુભકામનાઓ પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે આ રેકોર્ડમાં ગાંધીનગરના કવિ નિરંજન શાહનું પુસ્તક પણ સામેલ હતું.

કથ્થક નૃત્ય વિશારદ જીલ મંથન ભટ્ટનું બ્રહ્મ સમાજ દ્વારા સન્માન

ગાંધીનગર, તા.૨૮

ગાંધર્વ મહાવિદ્યાલય દ્વારા કથ્થક નૃત્યમાં વિશારદ પૂર્ણ કરી બ્રહ્મ સમાજનું ગૌરવ વધારનાર જીલ મંથન ભટ્ટનું શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષાનાં મુખ્ય સંગઠક તથા જાણીતા એડવોકેટ ડૉ. અશ્વિન ત્રિવેદી દ્વારા સન્માન કરી તથા ઉત્તરોત્તર પ્રગતિ કરવા માટે શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે જીલનાં માતા તથા કોર્પોરેટર બ્રહ્મ અગ્રણી હેમા ભટ્ટ તથા બ્રહ્મ અગ્રણી વર્ષા ત્રિવેદી પણ હાજર રહ્યા હતા.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્ય કક્ષાનાં તમામ હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા અગ્રણીઓએ કુમારી જીલને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી પુરુષોત્તમપ્રિયદાસ સ્વામી મહારાજનો ૮૦ મો સદ્‌ભાવ પર્વ ઊજવાયો

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસ સ્વામી મહારાજે સ્વામિનારાયણ ગાદીના પંચમ વારસદાર આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસ સ્વામી મહારાજનું પૂજન, અર્ચન કરીને આરતી ઉતારી હતી અને આશીર્વાદમાં જણાવ્યું હતું કે પ્રેમ, કરુણા, વાત્સલ્યતાના ગુણો આપણાં જીવનમાં સંપાદન કરીએ તો સાચા અર્થમાં સદ્‌ભાવ ઊજવ્યો કહેવાય.

શ્રી સ્વામિનારાયણ ગાદી પરિવારના સંતો, દેશ વિદેશના હરિભક્તોએ આ પાવનકારી અવસરે પંચામૃત પૂજન, મહિમાગાન સહ લાઈવ સ્તુતિ વંદના, સદ્‌ગુરુઓની શબ્દ પુષ્પાંજલિ, આરતીઓ, રક્તદાન શિબિર વગેરે અનેકવિધ કાર્યક્રમો સાથે મળીને પરમ ઉલ્લાસભેર શ્રી સ્વામિનારાયણ ગાદીના પંચમ વારસદાર આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસ સ્વામી મહારાજનો ૮૦ મો સદ્‌ભાવ પર્વ ઉજવ્યો હતો.

આર.એન.લલિતકલા એકેડમી દ્વારા સમર કેમ્પનો સાંસ્કૃત્તિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

સર્વ વિદ્યાલાય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર સંચાલિત આર.અને. લલિતકલા એકેડેમી દ્વારા સમર કેમ્પ-૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યુ હતું. તેનો સાંસ્કૃત્તિક કાર્યક્રમ તા.૨૭મે ના રોજ શુક્રવારે ૦૯:૦૦ થી ૧૦:૦૦ દરમ્યાન બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલમાં યોજાયો હતો.

આ પ્રસંગે આર.એન.લલિતકલા એકેડેમીના સંચાલિકા દિનાબેન ડોડીયા અને કલાગુરૂએ ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય કરી સમર કેમ્પમાં ભાગ લેનાર તાલિમાર્થીઓને પ્રમાણ પત્રો એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ દિનાબેન ડોડીયાના માર્ગ દર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

આ સમર કેમ્પ દરમ્યાન તાલિમાર્થીના કલાગુરુઓમાં ભરતનાટ્યમ શંકુતલાબેન ઓઝા-મીતી ભટ્ટ, શા. ગાયન વાદન મોહિત સુરાની, વેસ્ટર્ન ડાન્સ આશિષ વસાવા, ચિત્ર, પ્રેન્ટીંગ કેલીગ્રાફી જયશ્રી પ્રજાપતિ, કરાટે આર.સેલ્વાકુમાર, સ્કેટીંગ વસીમ મનસુરી દ્વારા નિદર્શન કરવામાં આવ્યુ હતું. આ સમર કેમ્પમાં કે.જી.થી કોલેજ સુધીના મળીને ૧૦૦ જેટલા તાલિમાર્થીઓ જોડાયા હતા.

આ કાર્યક્રમમાં બાળકો તથા વાલીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો. કાર્યક્રમનું સંચાલન તથા આભાર વિધી રોશની બ્રહ્મભટ્ટ અને વૈદેહી ઠાકુરે કરી હતી.

BAPS સંસ્થા દ્વારા "World No Tobacco Day"ની વિશેષ ઉજવણી

ગાંધીનગર, તા.૨૮

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા તરફથી ૨૦૦થી વધુ નાના બાળકો અને કાર્યકરો દ્વારા ગત તા. ૮.૦૫.૨૦૨૨ થી ૨૨.૦૫.૨૦૨૨ સુધી સમૂહ સંપર્ક, જાહેર સંપર્ક અને વ્યક્તિગત સંપર્ક દ્વારા પ્રવચન, શેરી નાટક અને વિડીયોના માધ્યમથી આકર્ષક રજુઆત વડે આશરે ૧૮૦૦૦થી વધુ લોકોને વ્યસનમુક્તિ માટે જાગૃત કરવા ભગીરથ પ્રયાસ કર્યો છે. આજ રીતે સમગ્ર ભારતમાં આશરે ૧૬૮૦૦ બાળકાર્યકરો અને બાળકો દ્વારા વ્યસનમુક્તિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું અને ૧૨૮૦૦ બાલિકા અને બાલિકા કાર્યકરો દ્વારા પ્રકૃતિ સંવર્ધન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને અભિયાન દ્વારા આશરે ૩૦ લાખથી વધારે લોકોનો સંપર્ક કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ હતો. આ વર્ષે ઉજવાઈ રહેલા આઝાદીના અમૃત મહોત્સવ અને પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના બાળકો દ્વારા વ્યસન મુક્તિ અભિયાન અને બાલિકાઓ દ્વારા પ્રકૃતિ સંવર્ધન અભિયાન મારફત **"SAVE HUMANS, SAVE NATURE, SAVE FUTURE"** નો સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

આ વ્યસનમુક્તિ અભિયાનના ચરમસીમાચિન્હ રૂપ આગામી તા. ૩૧.૦૫.૨૦૨૨ના દિવસે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અક્ષરધામ, ગાંધીનગર દ્વારા **"World No Tobacco Day"** ની વિશેષ ઉજવણી એક વિરાટ વ્યસનમુક્તિ રેલી મારફત કરવામાં આવશે. આ વાહન રેલીનું આયોજન સવારે ૯.૦૦ વાગ્યાથી ૧૧.૩૦ વાગ્યા દરમ્યાન અક્ષરધામ હરિમંદિર ગેટ. નંબર.૧૦ પાસેથી કરવામાં આવ્યું છે. આ રેલી અક્ષરધામથી શરૂ થઈ સે. ૨૦ – સે.૨૧ – સે.૨૨ –સે.૨૩- સે.૨૪- સે.૨૭- સે.૨૮- સે.૨૯ – સે.૩૦ ના મુખ્ય માર્ગો સિવાય અંદરના માર્ગોમાં થઈ પરત અક્ષરધામ ફરશે. અક્ષરધામ સ્થિત સંતો અને અન્ય મહાનુભવો આ રેલીને અક્ષરધામ હરિમંદિર ગેટ. નંબર.૧૦થી પ્રસ્થાન કરાવશે.